ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૦/કવા–૦૪/૧૮–૧૯/ 3567-16 તા. 22-5-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મહેતા સર્જીકિર પ્રા.લી.,
અર્મત મંથન હાઉસ,
સદર – રાજકોટ
પીનકોડ–૩૬૦૦૦૧
મો: ૦૨૮૧–૨૪૮૦૯૦૨

વિષય :–લેણી રકમ વસુલાત બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૪–૦૨–૧૯ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૦/કવા–૦૪/૧૮–૧૯ )

શ્રીમાન,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામા આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

2 R

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, શાપર વેરાવળ

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૦/કવા–૦૪/૧૮–૧૯/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૦/કવા–૦૪/૧૮–૧૯

અરજદાર: **મહેતા સર્જીકિર પ્રા.લી.** ગામ: **રાજકોટ**

રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે તેમના મેનેજર આહુજા મોતીરામભાઈ એન. અને મોહિત રામભાઈ - એક્ષપોર્ટ એકઝીક્યુટીવ હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી –ગ્રામ્ય રાજકોટ

રજૂઆત કરનાર: કાર્યપાલક ઇજનેર એલ.કે.પરમાર વિભાગીય કચેરી –ગ્રામ્ય રાજકોટ

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ.

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ

તારીખ: ૦૮-૦૫-૧૯

P.G.V.C.L. Rajkot Consumer Grievance Redressal Forum

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮-૦૫-૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર મહેતા સર્જીકિર પ્રા.લી. ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર :૪૦/કવા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓએ – શાપર ગામ ના સર્વે નંબર: ૨૩/૧ મા મીલ્કત ખરીદેલ છે. પીજીવીસીએલ ના પત્ર તા.૧૯–૧૧–૧૮ ના અનુસંધાને – અરજદારે જીએસએફસી સેલડીડ ની નકલ તા.૦૬–૧૨–૧૮ ના રોજ રજુ કરેલ. ત્યારબાદ, તેઓનુ વીજજોડાણ કાપવા માટે – વીજ કર્મચારી આવેલ – પરંતુ – જોડાણ ને ન કાપવા વિનંતી કરેલ.

સદર બાબતે – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્રારા રૂબરૂ રજુઆત મુજબ – જણાવેલ કે – જીએસએફસી ના ઠરાવ ક્રમાંક – જીએફસી / ૧૦૨૦૦૩/ ૧૭૧૧/ ઓ તા.૦૭–૧૨–૦૪ અંગે ની જાણકારી આપેલ – તે મુજબ રકમ બાકી નીકળે છે, તેમ જણાવેલ – સદર ઠરાવ ના મુદ્દા નં. ૮ મુજબ ની વિગતે – '' ઉકત વ્યવસ્થા ઠરાવ ની તારીખ પછી હરરાજી થનાર કેઈસો ને લાગુ પડશે – અગાઉ નિર્ણીત થયેલ કેઈસો – પુનઃ ઉખેડવાના રહેશે નહી. '' આમ, તેઓનુ જીએફસી સાથે નુ સેલડીડ – તા.૦૨–૦૨–૯૯ નુ છે, જેથી સદર ઠરાવ ની અસર તારીખ – ૦૭–૧૨–૦૪ પછી ની હરરાજી ને લગતા એકમોને લાગુ પડે છે, જેથી તેઓને કોઈ રકમ ભરપાઈ કરવાની થતી નથી. તેમજ સદર ઠરાવ ના મુદ્દા નં. ૭ મુજબ ની વિગતે '' ગુજરાત વિદ્યુત બોર્ડ ને એમના મુળ માલીક પાસેથી – જુની બાકી રકમો વ્યાજ સહીત વસુલ લેવાની સતા અબાધિત રહેશે. '' આમ, અરજદારે તેઓનુ વીજજોડાણ ન કાપવા – તેમજ બાકી નીકળતી રકમ મુળ માલીક પાસેથી લેવાની હોય – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગામ શાપર વેરાવળ ના સર્વે નં-૨૩/૧ માં આવેલ મહેતા સર્જીકેર પ્રા.લી. ના એકમ પાસેથી શાપર વેરાવળ પેટા વિભાગીય કચેરીએ સદર જગ્યાના અગાઉના માલિક જય વી. મેડીકેર પ્રા.લી. ના ગ્રાહક નંબર ૮૧૯૦૧/૦૦૦૩૨/૦ થી ના નામે ઔધોગિક વીજજોડાણ હતું જેની બાકી લેણી રકમ ની વસુલાત માટે દાવા નંબર ૩૬૩૭/૦૨ થી રૂ.૧૧૦૨૮૬.૨૮ નો દાવો દાખલ કરવામાં આવેલ છે.

3.૧ ઉપરોકત પ્લોટ/મિલકત અરજદાર દવારા જીએસએફસી પાસેથી હરાજીમાં વેચાણ દસ્તાવેજ નં-૪૮૧ થી તા.૧.૨.૯૯ ના રોજ મહેતા સર્જીકેર પ્રા.લી. ના નામે ખરીદ કરેલ છે અને ખરીદેલ પ્લોટ પર ગ્રાહક નંબર ૮૧૯૦૧/૦૦૯૭૧/૮ થી ખરીદનાર મહેતા સર્જીકેર પ્રા.લી.ના નામે શાપર વેરાવળ પેટા વિભાગીય કચેરી દવારા વીજજોડાણ આપવામાં આવેલ છે.

3.૨ ત્યારબાદ એમનેસ્ટી-૨૦૧૭ સ્કીમ અન્વયે સ્થળ તપાસ કરતા સવાલવાળી જગ્યાના અગાઉના માલિક જય વી.મેડીકેર પ્રા.લી.ના નામે રકમ લેણી હોય અરજદારને સપ્લાય કોડ-૨૦૧૫ ની કલોઝ નં-૪.૬ અન્વયે પત્ર ક્રમાંક ડીઇ/એસવીએસડી/રેવ/૫૨૮૮ તા.૨૯.૧૧.૧૮ થી રકમ ભરપાઇ કરવા અને અરજદારે ખરીદેલ સદર પ્લોટ નો વેચાણ દસ્તાવેજ રજૂ કરવા જણાવેલ.

3.3 અરજદારે ફરીયાદી અરજીમાં જણાવેલ છે કે જીએસએફસીના ઠરાવ ક્રમાંક જીએફસી(જીઆઇસી)૧૦૨૦૦૩-૧૭૧-પી તા.૭.૨.૦૪ ના મુદા નં-૮ અને ૭ મુજબ બાકી લેણી રકમ તેઓએ ચુકવવાની રહેતી નથી જે અંગે જણાવવાનું કે અરજદારે રજુ કરેલ વેચાણ દસ્તાવેજ મુજબ સવાલવાળી જગ્યા તેઓ દવારા જીએસએફસીના તેઓએ જણાવેલ ઉપરોકત ઠરાવ પહેલા એટલે કે ૨૦૦૪ પહેલા ૧૯૯૯ માં ખરીદેલ હોય ઠરાવ તેઓને લાગુ પડતો ન હોય જગ્યા ખરીદતા પહેલા અરજદાર દવારા વીજ પરવાનેદારનું લેણી રકમ અંગેનું કોઇ પ્રમાણપત્ર લીધેલ ન હોય બાકી લેણી રકમ અરજદારે ભરવાપાત્ર છે.

3.૪ આમ, અરજદારે ખરીદેલ પ્લોટ ન-૧અને૨ પર અગાઉના ગ્રાહક જય વી.મેડીકેર પ્રા.લી ની બાકી રકમ સપ્લાય કોડની કલોઝ નં-૪. ૩૦ અને જીએસએફસીના ઠરાવ ક્રમાંક જીએફસી (જીઆઇસી) ૧૦૨૦૦૩-૧૭૧-પી તા.૭.૨.૦૪ મુજબ ભરવાપાત્ર છે.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શાપર વેરાવળ ના સર્વે નં-૨૩/૧ માં આવેલ મહેતા સર્જીકેર પ્રા.લી. ના એકમ ધરાવે છે. જેમા, સદર જગ્યામાં ગ્રાહક નં. – ૮૧૯૦૧/૦૦૯૭૧/૮ થી વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદારે સેલડીડ તા.૦૨-૦૨-૧૯૯૯ થી ગુજરાત રાજય નાણાકીય નિગમ પાસેથી નિતા સર્જીકેર પ્રા.લી. ના નામે ગામઃ શાપર ના સર્વે નંબરઃ ૨૩/૧ પૈકી પ્લોટ નં. – ૧ તથા ૨ ની મીલકત ખરીદ કરાયેલ. અગાઉ સદર જગ્યા સેલડીડ તા. ૦૪-૦૨-૮૯ મુજબ – અગાઉ મે. જય.વિ. પટેલ મેડીકેર પ્રા.લી. ના નામે હતી.

૪.૩ સામેવાળાની રજુઆત મુજબ – અરજદાર ની સદર જગ્યામાં અગાઉ ગ્રાહક નં. – ૮૧૯૦૧/૦૦૦૩૨/૦ થી મે. જય.વિ. પટેલ મેડીકેર પ્રા.લી. ના નામનુ ઓદ્યોગીક વીજજોડાણ અપાયેલ હતુ. જે અંતર્ગત વીજજોડાણ પેટે બાકી રહેતી રકમ રૂ.૫૧,૯૭૫/૦૬ – જે તે સમયે ગ્રાહકે ભરપાઈ કરેલ ન હોય, વીજજોડાણ કાયમી ધોરણે રદબાતલ કરાયેલ હતુ, અને


Grievance Redressal P.G.V.C.L. Rajkot

તે રકમ વસુલવા માટે વ્યાજ સાથે કુલ રકમ રૂ.૧,૧૦,૨૮૬/૨૮ નો દાવો – દાવા નં.–૩૬૩૭ / ૦૨ થી દાખલ કરાયેલ છે.

૪.૪ સામેવાળા ની રજુઆત મુજબ અરજદારે સવાલવાળી જગ્યા જીએસએફસી પાસેથી તા.૦૨–૦૨–૧૯૯૯ ખરીદેલ છે. જીએસએફસીના ઠરાવ ક્રમાંક જીએફસી(જીઆઇસી)૧૦૨૦૦૩–૧૭૧–પી તા. ૭.૨.૦૪ ના મુદા નં–૮ અને ૭ મુજબ અરજદારે જણાવેલ સદર ઠરાવ પહેલા એટલે કે ૨૦૦૪ પહેલા ૧૯૯૯ માં ખરીદેલ હોય જેથી અરજદારને સદર ઠરાવ તેઓને લાગુ પડે નહી. આમ, બાકી લેણી રકમ અરજદારે સપ્લાય કોડની કલોઝ નં–૪. ૩૦ મુજબ ભરવાપાત્ર છે.

૪.૫ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે – ઉર્જા અને પેટ્રો કેમીકલ વિભાગના પત્ર ક્રમાંક – જીયુવી/ ૧૦૨૦૧૧–૩૭૩૭૫૦–ક–૧ તા.૨૯–૦૭–૧૧ મુજબ – ગુજરાત રાજ્ય નાણા નિગમ (GSFC) અને ગુજરાત ઓર્દ્યોગીક મુળી રોકાણ નિગમ (GIIC) છે. રાજયના ઓર્દ્યોગીક એકમો સ્થાપના માટે અનેક પ્રકારે ધિરાણ આપી સહાયરૂપ થાય છે. કોઈ એકમ ધિરાણ ની રકમ પરત કરવામા નિષ્ફળ જાય તો – '' ધી સ્ટેટ ફાયનાન્સીયલ કોર્પોરેશન એકટ – ૧૯૫૧'' ની કલમ હેઠળ મળેલ સતાની રૂએ એકમ ની મીલકત નો કબ્જો સંભાળી જાહેર હરરાજીથી વેચાણ કરી નિગમના લેણા વસુલ કરવામા આવે છે. જે પત્ર મા જણાવ્યા મુજબ – ઉર્દ્યોગ અને ખાણ ખનીજ વિભાગના તા.૦૭–૦૨–૦૪ ના સંદર્ભમાં જણાવેલ કે ''નવા ખરીદનાર પાસેથી જુના એ માલીકી ની અગાઉ ની બાકી વીજબીલ ની રકમ ભરવાનો આગ્રહ ન રાખતા, તેને નવુ વીજજોડાણ આપવા માટે નિયમ મુજબ વસુલ લેવા પાત્ર થતી રકમ ભરાવીને નવુ વીજજોડાણ આપવા સબંધિત વીજકંપનીઓ ને જરૂરી સુચના આપવા વિનંતી છે. '' જે અનુસંધાને જીયુવીએનએલ દ્વારા પત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/જીએસએફસી/૧૬૨૭, તા.૨૯–૦૭–૧૧ થી દરેક વીજકંપની ને જણાવેલ કે '' ........ All concern field offices to release such connections to the industrial consumers without asking for payment of arrears of the previous connections under the condition stated in the G.R. Dtd.: 07-02-04. ''.

૪.૬ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં.૪.૫ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા તેઓએ મીલકત જીએસએફસી પાસેથી સેલડીડ મુજબ તા.૦૨–૦૨–૯૯ થી ખરીદેલ હોય– જેથી, ઉર્જા ને પેટ્રોકેમીકલ્સ વિભાગના પત્ર તા.૨૯–૦૭–૧૧ અને ગુજરાત સરકારના ઉર્દ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ તા.૦૭–૦૨–૨૦૦૪ મુજબ – ઉકત વ્યવસ્થા ઠરાવની તારીખ પછી થનાર હરરાજીને લાગુ પડશે, અગાઉ નિર્ણીત થયેલ કેઈસો પુનઃ ઉખેડવાના રહેશે નહી. ગુજરાત સરકારના ઉર્દ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ તા.૦૭–૦૨–૨૦૦૪ ના મુદદા નં. (૭) મુજબ ની વિગતે '' .....ગુજરાત વિદ્યુત બોર્ડ ને એકમ ના મુળ માલીક પાસેથી – જુની બાકી વસુલાતો વ્યાજ સહીત વસુલ કરવાની સતા અબાધિત રહેશે. ''

૪.૭ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૬ મુજબ ની વિગતે – સામેવાળા દ્વારા ઉકત ઠરાવો તા.૦૭–૦૨–૨૦૦૪ અને તા.૨૯–૦૭–૧૧ નુ ખોટી રીતે અર્થઘટન કરેલ છે. તેમજ સામેવાળા દ્વારા રજુ કરેલ બાકી લેણી રકમ અન્ય ગ્રાહક ( મે. મે. જય.વિ. મેડીકેર પ્રા.લી. ) ની છે. તેમજ સામેવાળા ની રજુઆત મુજબ – સદર એકમ ના અગાઉ ના માલીક ( મે. જય.વિ. મેડીકેર પ્રા.લી. પાસેથી વીજલેણા ની બાકી લેણી રકમ માટે દાવા નં.–૩૬૩૭/૦૨ થી દાવો દાખલ છે. તદઉપરાંત, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૮૪ મા કરાયેલ જોગવાઈ મુજબ '' No sum due from any consumer, on account of default in payment shall be recoverable after the period of two years from the date when such sum became first due unless such sum has been shown continuously as recoverable as arrear of charges for electricity supplied as per Section 56 of the Act. ''ઉપરોકત બાબતો ધ્યાનમાં લેતા – હાલના ફરીયાદી અરજદારનુ વીજજોડાણ અટકાવવાની કાર્યવાહી સામેવાળા દ્વારા કરી શકાય નહી.

૪.૮ સદર કેઈસ મા, મુદદા નં.૪.૭ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૯ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯